

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'આંખ' થી રમનારાંને એની શરમ નથી હોતી !*
*માત્ર 'અંગ' સમજનારાંની પ્રીત ચરમ નથી હોતી !*
*મરમ સમજતાં નથી, હાવભાવ - લાગણીના -*
*આંખમાં 'આય' જોનારાંની દૃષ્ટિ પરમ નથી હોતી !*

હાઈકુ

*'ઉના' ઉનામાં*
*ચૂંટણી તાવડીએ -*
*શેકે રોટલા!*
*(નેતાઓનું રસોડું)*

*દલિતો ગયા!*
*પટેલો પલાયન -*
*ભાજપ ભાંગ્યું !?*
*(મતો છિન્ન-ભિન્ન)*

### ચિંતન

**કુમાર્ગવાસ : કુલહીન સેવા કુભોજનં ક્રોધમુખી ચ ભાર્યા ।**
**પુત્રશ્ચ મૂર્ખો વિધવા ચ કન્યા વિના અગ્નિના ખટ્ પ્રદહન્તિ કાયમ્ ॥**

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :

અભણ-અશિક્ષિત લોકો વચ્ચે રહેવાનું તથા કુગ્રામ જયાં ગંદકી અને નિંદાખોર લુચ્ચાં અભણ-અજ્ઞાની લોકો રહેતાં હોય એવા સ્થાન ગામમાં રહેવું, નીચ (સંસ્કાર અને સ્વભાવે કુલ-જાતિ વિનાના) એવા માલિક-શેઠ-અધિકારી-પ્રધાનશ્રીની સેવા-નોકરી કરવાનું અને અરૂચિકર - આપાચ્ય-ખોટાં - બ્રેડ-પાઉં - અને મેગા-મેગી જેવી તૈયાર વાનગીઓ ખાવી પડે - વાતે વાતે વાંધા પડતી ઝઘડાડુ - ક્રોધી સ્વભાવની સ્ત્રી સાથે રહેવાનું, અને મૂર્ખ - સ્વચ્છંદી - વ્યસની પુત્ર હોવાનું તથા યુવાન વિધવા કન્યાનું ભારણ - આટલી બાબતો માણસને ચિંતા અને દુ:ખોથી અગ્નિ વિના પણ સતત બાળે દાહ-ચિંતા-ટેન્શનમાં રાખે છે.

### સુવિચાર

- વિશ્વમાં બુદ્ધિનો સૌથી વધુ દુરૂપયોગ માનવ પ્રાણી જ કરે છે - **ચાંપશી ઉદ્દેશી**
- મનની અપાર શાંતિ એ આપણી સંપત્તિ અને તંદુરસ્તી કરતા ચઢિયાતી છે - **રજનીશ**
- સારો માણસ કેવો હોવો જોઈએ એ અંગે નિરર્થક ચર્ચા છોડો અને સમય ન ગુમાવો... જાતે જ એવા બનો - **એસ. ભટ્ટાચાર્ય**
- આજના માણસને ત્રણ ડાકણ વળગી છે... 'હરી', 'વરી' અને 'કરી' જેને ગુજરાતીમાં રઘવાટ ઉચાટ અને આહાર કરી શકાય - **અખંડ આનંદ**
- નિસ્વાર્થ સેવા આપણાં જ સુખ અને સ્વાસ્થ્યમાં વધારો કરે છે - **મોરારજી દેસાઈ**
- સાચા સુખની કિંમત સમજવામાં જિંદગીના તોફાનો અને ઝંઝાવાતોનો પણ ફાળો હોય છે - **મુનિભાનુચંદ્ર વિજયજી**
- આજનું ઔષધ : કેરીની ગોટલીનું ચૂર્ણ મધ સાથે લેવાથી હરસ મસામાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જીવન વ્યવહારમાં વિનય-વિવેક એ જ સાચા સંસ્કાર અને હૃદયનું સાચું સૌંદર્ય છે. બાહ્ય ચામડીની ટાપટીપ- ગોરી કાળી સાથે સૌંદર્યને કંઈજ નિસ્બત નથી.

ત્રણ સૌંદર્ય-સામ્રાજ્ઞી - વિશ્વ સુંદરી, રાષ્ટ્રીય સુંદરી અને રાજયની સાથે મળી - અને પોતાના સૌંદર્યની ચર્ચા કરતાં લાગવગ અને અન્યાય પર ઉતરી આવી - અંતે એક ભિખારણ પસાર થતી એનો અભિપ્રાય લઈ 'સૌથી વધારે સુંદર કોણ દેખાય છે' એ જાણવાનું નક્કી કર્યું. પેલી ભિક્ષુક કહે હું ભૂખી છું મને પેટ ભરીને કંઈક ખાવાનું આપો પછી કહું!

વિશ્વસુંદરી કહે - હું તો માત્ર દવા-વિટામીન ગોળીઓ જ ખાઉં છું.
રાષ્ટ્રીય સુંદરી કહે - હું તો માત્ર ફળોનો રસ જ પીઉં છું.
રાજય સુંદરી કહે - હું તો થોડોક મર્યાદિત જ ખોરાક લઉં છું.
- અમારી પાસે કંઈ ખાવાનું નથી - ચાલતી થા!
બાજુમાં સ્પર્ધામાં હારેલી સુંદરી બેઠી હતી એણે પોતાનું લંચબોક્ષ ભિખારણને આપી દીધું.
ભિખારણે પેટભરી ખાધું અને પેલી ત્રણેને કહ્યું 'સૌંદર્ય શરીરથી નહીં મન-વિચાર-ભાવથી નક્કી થાય છે.'

# પ્રણામ ગાંધીનગર - સલામ ગાંધીનગર

**તંત્રીસ્થાનેથી...**

આજે જન્મદિને ગાંધીનગરને વંદન-અભિનંદન. આજથી ૫૧ વર્ષ પૂર્વે એટલે કે ૨જી ઓગસ્ટ-૧૯૬૫ની પ્રભાતે પેથાપુરના પાદરમાં ગાંધીનગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી. જોતજોતામાં ગાંધીનગર ૫૧ વર્ષનું થઈ ગયું ગયું... મહાનગર બની ગયું. સ્માર્ટસિટી બનવાના મનોરથ સેવતું પાટનગર કુદકે ને ભૂસકે વિકસતું રહ્યું છે. સચિવાલય-વિધાનસભા પાટનગરની ઓળખ માટે પર્યાપ્ત છે, પરંતુ અક્ષરધામ અને મહાત્મા મંદિરે વિશ્વના નકશામાં ગાંધીનગરને નવી ઓળખ અપાવી છે. જી.આ. અને સી.આર.માં ઉછરેલા આ નગરને વિદ્યાધામનો દરજ્જો પણ મળ્યો છે. શહેરની સુવિધા અને ગ્રામ્ય પ્રકૃતિનો સુભગ સમન્વય એટલે ગાંધીનગર. સિક્સલૅન - ફોરલેન માર્ગથી સુવિધા સજ્જ પાટનગર વૃક્ષોથી લીલુછમ પણ છે. હરિયાળું ગાંધીનગર - રળિયામણું ગાંધીનગર આજકાલ સૌનું વ્હાલું વતન બની ચૂક્યું છે.

ગાંધીનગર પાંચ દાયકામાં અનેક તડકી-છાંયડી જોઈ છે. નાના-મોટા, સારા-ખોટાં પર્વો ને પ્રસંગો વચ્ચે પણ ગાંધીનગર અવિરત વિકસતું રહ્યું છે. અહીં રાજકારણના કાવાદાવાઓથી ખદબદતા માહોલમાં પણ ગાંધીનગરે પોતાની જાતેન અલિપ્ત રાખી છે. અહીં રાજકારણ છે પણ નગરજીવનમાં રાજકારણ નથી. નગરના વિકાસમાં નગરના જનજીવનમાં કે નગરની સાંસ્કૃતિક ગાથામાં રાજનીતિને ઉંબરે રાખી છે. અક્ષરધામે ગાંધીનગરને એક નવો દરજ્જો આપ્યો છે તો શહેરની શિક્ષણ સંસ્થાઓ વિધાનસભાના નગરમાં વિદ્યાસભાના નગરમાં પરિવર્તિત કરી રહી છે. ગાંધીનગરનું શિક્ષણ સૂરતના જમણની જેમ વખણાય છે. ૧૧ યુનિવર્સિટીઓ અને ૩૨ કૉલેજો, ૬૫ શાળા-મહાશાળાઓથી ધમધમતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ નગરની ઓળખ બદલી નાખી છે. ૧૫,૦૦૦ થી વધુ પરિવારો તો માત્ર પોતાના સંતાનોને સારું શિક્ષણ અપાવવા ગાંધીનગર રહે છે. ગાંધીનગરમાં ૨ લાખ થી વધુ વિદ્યાર્થીઓ નિયમિત મા સરસ્વતીની ઉપાસના કરે છે. પીડીપીયુ, જેએનએલયુ, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ, ફોરેન્સિક યુનિવર્સિટી, રક્ષા યુનિવર્સિટી જેવી રાષ્ટ્રીય યુનિવર્સિટી - વિશ્વ વિદ્યાલયો ગાંધીનગરનું ગૌરવ બની રહી છે. ગાંધીનગરના સારશ્વતોની ઉપાસના પણ વંદનીય છે. પાટનગરની વિશેષતા એ છે કે દર વર્ષે ૫૫થી વધુ પુસ્તકો પ્રગટ થાય છે. અર્થાત દર સપ્તાહે ૧ પુસ્તક ગાંધીનગર પ્રગટ કરે છે. સાંસ્કૃતિક ક્ષેત્રે પણ ગાંધીનગર વડોદરા અને ભાવનગરની હરોળમાં છે. સાંસ્કૃતિક-સાહિત્યિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમતું ગાંધીનગર નવી ઊંચાઈએ પહોંચી રહ્યું છે.

ગાંધીનગરની આવતીકાલને ઉજ્જવળ બનાવવા સામાજિક સંવેદનાને વધુ પ્રબળ બનાવવાની અનિવાર્યતા છે. હજુ પણ ગાંધીનગરમાં કશુક ખુટે છે અને કશુંક ખટકે છે. પાંચ દાયકા બાદ પણ ગાંધીનગરને વતન બનાવવાની પ્રતિબદ્ધતા પ્રત્યેક પરિવારમાં પ્રગટવી જોઈએ. હજુ પણ ગાંધીનગર વધુ વિકસસે એમ નવા પડકારો પણ ઊભા થશે અને એ પડકારોને પોંખવાની તૈયારી આજથી જ કરવાની જરુરી છે. ગાંધીનગરમાં વધતી ગુનાખોરીની ઘટનાઓ ઉગતી જ ડામવાની જરુર છે. ગંદકી અને દબાણ જેવી કાયમી સમસ્યાને સૌએ સાથે મળીને ઉકેલવાની અનિવાર્યતા છે. ગાંધીનગર આપણું સૌનું નગર છે. નગરના નાગરિક તરીકે સ્વચ્છતા માટે સંસ્કારિતા માટે અને શિસ્ત માટે આગ્રહી બનવું પડશે. ગાંધીનગરનો નાગરિક અલગ જ પડવો જોઈએ. ગાંધીનગરના શિક્ષણની જેમ ગાંધીનગરની શિસ્ત પણ વખણાવી જ જોઈ. આપણી સૌની સતર્કતા આવતીકાલે ઉગનારી સમસ્યાને ડામી દેવા સમર્થ બને એવી લાગણી આજે જન્મદિને ઉભરીને આવે છે.

આવો આપણે સૌ સાથે મળી ગાંધીનગરના જન્મદિને પ્રતિબદ્ધ બનીએ કે ગાંધીનગરના પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસાનું જતન કરીએ.

ગ્રીન ગાંધીનગર - ક્લીન ગાંધીનગરના સ્વપ્નને સિદ્ધ કરીએ.

# આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે : ઝીણા ઝરમર વરસે મેહ



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

દન ગણંતા જેઠે ગયો
કાળી ઘટા ઘન કાઢ
એણી પેરે કાના આવજો !
આયો માસ અષાઢ.

આપણો નાળ સંબંધ — આપણો સહજ સંબંધ પ્રકૃતિ સાથે અભિન્ન રીતે બંધાયો છે. અષાઢી બીજનો દિવસ કોરો જાય અને વરસાદ રાહ જોવરાવે ત્યારે તમામ લોકોને મનમાં કંઈક ખટક્યા કરે છે. જીવનમાં કંઈક ખૂટતું હોય, કશુંક ઓછું હોય તેવો ભાવ થયા કરે છે. વરસાદ સાથે ગ્રામ જીવન — કૃષિ જીવનને તો આર્થિક પરિબળોને કારણે પણ એક જોડાણ હોય છે. વરસાદ આવે તો જ કૃષિકારને ખેતીની આબાદીનો અનુભવ થાય. પરંતુ આજે તો દેશની કૂલ વસતીનો ઘણો મોટો ભાગ શહેરો કે નાના નગરોમાં વસે છે. શહેરીકરણની અવિરત ચાલતી પ્રક્રિયાના કારણે ગામડાઓમાંથી નગરોમાં વસવાટ કરવા માટે જનાર લોકોની વણઝાર મંદ પડતી નથી. આથી ખેતીના વ્યવસાય સાથે કે પશુપાલનના વ્યવસાય સાથે કોઈ સીધો સંબંધ ન ધરાવતા હોય તેવા લોકોને વરસાદની પરવા નથી તેમ માની શકાય તેવું નથી. શહેરીજનો પણ અનેક કારણોસર વરસાદની કાગડોળેજ રાહ જોતા હોય છે. આ બાબત એ વાતનું આશ્વાસન આપે છે કે પ્રકૃતિ સાથેનો આપણો નાતો કોઈ મર્યાદિત ગણતરી પર આધારીત નથી. પૃથ્વી તથા પ્રકૃતિ સાથેનો આપણો સંબંધ ક્ષીણ થયો હોય તેમ કહેવું તે પૂર્ણ સત્ય નથી. વરસાદ થાય કે તરતજ વરસાદી મોજ લેવા આપણાં તમામ લોકો નીકળી પડે છે તે દ્રશ્ય જોવું આહલાદક હોય છે. ઋતુઓ સાથેનો આ સંબંધ જે કવિ કુલગુરુ કાળિદાસે ગાયો હતો તે આજે પણ અતીતની ધૂણી જેમ ધખી રહેલો છે, જીવંત છે. કવિ ગુરુ ટાગોરના ઉત્તમ વર્ષાગીતો ઝવેરચંદ મેઘાણીએ આપણી ભાષામાં કૂશળતાપૂર્વક ઉતારેલા છે. ''મન મોર બની થનગાટ કરે'' નો કવિગુરુનો ઉત્કટ ભાવ મેઘાણી સિવાય આપણાં સુધી પહોંચી શક્યો ન હોત. વરસાદની જેમ કુદરતી જળાશયો માટે પણ ગ્રામજનો તેમજ નગરજનોના મનમાં એક ખેંચાણ રહે છે. ભૂજ (કચ્છ) માં હમીસર તળાવ છલકાય (ઓગને) ત્યારે નગરજનોના ચહેરા પણ એક વિશેષ પ્રસન્નતાનો ભાવ આજે પણ નીરખી શકાય છે. પ્રકૃતિના આવા બદલાતાં સ્વરૂપને કળાત્મક રીતે વ્યક્ત કરતાં ઋતુગાનનો એક અનોખો મહિમા આપણાં સમાજ જીવન સાથે સૈકાઓથી જોડાયેલો રહ્યો છે. આપણાં ગુજરાતી ફીલ્મના નિર્માતાઓએ આવા ગીતો — પ્રસંગોને કેન્દ્રમાં રાખીને બોક્સ ઓફિસ હીટ ફિલ્મો બનાવી છે. પ્રકૃતિમાં પરિવર્તન થાય તેની નોંધ ગ્રામજનો લેતા હોય છે અને તેમના અંતરની લાગણી લોકજીભે ચડેલા ગીતોથી વહેતી થાય છે.

વા વાયા ને વાદળ ઉમટ્યાં —
ગોકુળમાં ટહુક્યા મોર....
મળવા આવો સુંદરવર શામળિયા-
તમે મળવા તે નાવો શા માટે
નહિ આવો તો નંદજીની આણ-
મળવા આવો સુંદરવર શામળિયા.

પ્રકૃતિમાં પહેલા વરસાદની સુગંધ પ્રસરે અને તરતજ લોકસમુહને આ નર્તન સાથે જોડાયેલા નંદલાલનું સ્મરણ થાય છે. આમ જૂઓ તો જીવનનો ઉલ્લાસ આવા લોકજીભે ચડેલા ગીતોમાં ઊભરાતો જોઈ શકાય છે. આ ગીતોની સરળતા એજ કદાચ તેની ભવ્યતા છે. વૃંદગાનની આવી સરળતા અને પ્રસંગને અનુરૂપ ભાવ ઉત્કટતાને કારણે તેઓ ચિરંજીવી થયા છે. ગવાતા રહ્યા છે. હમેશા ઝીલાતા રહ્યા છે અને કદાચ બદલાતા સમયમાં પણ તેમનો ઠસ્સો ભવિષ્યમાં અકબંધ રહેશે. આ ગીતો માનવ સંબંધોને જોડનારા રહ્યા છે. આથીજ કાકાસાહેબ જેવા વિદ્વાન લોકગીતને 'સાહિત્યનું મૂળ ધન' કહે છે. ગીતો થકીજ આપણાં લોકનૃત્યો અસ્તિત્વમાં આવ્યા છે અને ટકી શક્યા છે. લોકગીતોની રચના કોણે કરી

અનુસંધાન પાના નં. ૭ પર

# ભારતીય યુવાનો વિદેશમાં આપણી સંસ્કૃતિના વેલ્યુઝને સાચવવામાં રસ લેતા જોવા મળે છે



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

'અરે છોકરા, તું ગાંડો થયો છે કે શું ?'

'ના અંકલ બરાબર ભાનમાં જ વાત કરી રહ્યો છું અને આ ગાડી હવે તમારે જ લઈ જવાની છે.'

સંવાદ થયો છે યુરોપ ખંડના દેશ બ્રિટનમાં. વિશ્વના મોંઘામાં મોંઘા શહેરોમાં જે પ્રથમ ક્રમે આવે છે એવા લંડન શહેરમાં દાયકાઓથી ગુજરાતીઓ રહે છે. અહીંના અર્થતંત્રમાં અહીંની સામાજિક વ્યવસ્થામાં અને રાજકીય ક્ષેત્રે પણ ગુજરાતીઓએ પોતાની પ્રતિભા પુરવાર કરી છે. મોટા ભાગના લોકો ૧૯૬૦ના દાયકામાં આફ્રિકાથી આવ્યા છે. એ સિવાયના સારી એવી સંખ્યામાં લોકો અભ્યાસ અર્થે - વ્યાપાર અર્થે અથવા પારિવારિક સંબંધોના કારે લંડન આવ્યા છે અને પછીથી સેટલ થયા છે. એમાં પણ છેલ્લે બે દાયકામાં તો ગુજરાતમાંથી મોટી સંખ્યામાં યુવાન-યુવતીઓ અહીં ઉચ્ચ અભ્યાસ માટે આવ્યા છે અને પછી અહીં જ સ્થાયી થયા છે.

અહીં વાત કરવી છે, આવા જ એક યુવાનની. નામ એનું બૈજુ. બ્રાહ્મણ પરિવારનો દીકરો. પિતા ઈન્દ્રજીતભાઈ સૌરાષ્ટ્રના ભાવનગર શહેરમાં ચિત્ર શિક્ષક તરીકે વર્ષોથી નોકરી કરે. પરિવારમાં કલા અને સંગીતનું વાતાવરણ - એટલે ઋજુ અને સંવેદનશીલ વાતાવરણમાં એનો ઉછેર થયો.

બેચરલ ઑફ મિકેનિકલ એન્જી.નો અભ્યાસ પૂર્ણ કર્યા પછી શું કરવું? પ્રશ્ન હતો. દરમિયાન મિત્રોમાંથી અને પરિચિતો દ્વારા જાણવા મળ્યું કે આગળ ઉપર જો એમ.બી.એ.નો અભ્યાસ વિદેશમાં કરવામાં આવે તો ભવિષ્યમાં સારી જોબ મળી શકે. પરિવારની આર્થિક સ્થિતિ ઉચ્ચ મધ્યમવર્ગની હતી, છતાં દીકરાના ઉજ્જવળ ભવિષ્ય માટે ગમે તેમ કરીને પૈસાની વ્યવસ્થા કરી અને ૨૦૦૬ના આસપાસ એણે લંડનમાં ભણવા માટે પગ મૂક્યો.

એને લેવા કોણ આવ્યું ? આ પ્રશ્નના જવાબમાં પણ એક રસપ્રદ ઘટના છે. એના પિતા એકવાર ૧૯૯૪ આસપાસ લંડન આવ્યા ત્યારે શામળજીભાઈ અને પ્રીતિબેનના પરિવાર સાથે લંડનમાં એમનો સંપર્ક થયો. વાતો થઈ ને પરિચય કેળવાયો, સંબંધો ગાઢ બન્યા. તેઓ સૌરાષ્ટ્રના પ્રવાસે આવ્યા ત્યારે ઈન્દ્રજીતભાઈના ઘરે થોડા દિવસ રહ્યા હતા અને પારિવારિક મિત્રતા બંને પરિવારો વચ્ચે થઈ હતી.

આ સંબંધોના દાવે શામજીભાઈ એને એરપોર્ટ લેવા આવ્યા - હોસ્ટેલના બદલે એમના ઘરે બૈજુને લઈ ગયા. બે-પાંચ દિવસ કે મહિના નહિ, બે વર્ષ સુધી એને પોતાના ઘરે જ રાખ્યો. એ પછી નોકરી કરતો થયો તો પણ સગા દીકરાની જેમ વાત્સલ્યથી એને સાચવ્યો. ૬-૭ વર્ષ એમને ત્યાં રહ્યા પછી એ સ્વતંત્ર રીતે રહેતો થયો તો શનિ-રવિ તો એમના ઘરે જ જમવા જવાનું. એને તો ઠીક સાથે આવેલા મિત્રોને પણ ઓરીજનલ સૌરાષ્ટ્રની સ્ટાઈલમાં પ્રીતિબેન કોરો નાસ્તો અને સુખડી - લાડુ કે મોહનથાળ ટીફીનમાં ભરી આપે - એમના ઘરમાં રોટલો મોટો. આ પરિવારે સૌરાષ્ટ્રની ભજન અને ભોજનની પરંપરાને બરાબર સાચવી છે.

હવે આ જ પરિવારના એકબીજા મિત્ર નરસીભાઈ સાથે પણ બૈજુને લાગણીભીના સંબંધો બૈજુનો સ્વભાવ જ બીજાને મદદ કરવાનો - લંડનમાં આટલા વર્ષો રહ્યા બાદ પણ એણે એ સ્વભાવ જાળવી રાખ્યો હતો. ગામ આપણને મદદ કરવા એ તૈયાર હોય. અજાણ્યા કે જાણીતા, પોતાનાથી બનતી મદદદ કરવા હંમેશા ઉત્સુક હોય, થયું એવું કે એક દિવસ નરસીભાઈએ બૈજુને ફોન કરીને થોડી મદદ કોઈ કામ સંદર્ભે માંગી. બૈજુએ કહ્યું હું તૈયાર રહું છું તમે મારા ઘરે આવો ' ને રસ્તામાં નરસીભાઈની કારને અકસ્માત થયો. કોઈને ઈજા ન થઈ પણ કારને નુકશા ખુબ થયું. ખબર પડી બધાએ ખબરઅંતર પુછતા ને થોડા દિવસ બાદ બૈજુ નરસીભાઈના ઘરે પોતાની બે કારમાંથી એક કાર લઈને ગયો - ચાવી એમને આપીને કહ્યું કે, 'તમે મારા ઘરે આવતા હતા અને એકસીડન્ટ થયો છે, હવે તમને મારા તરફથી આ મારી કાર આપવી એ મારી ફરજ છે.' બહુ સમજાવ્યો પણ એક નો બે ન થયો અને પોતાની કાર એણે નરસીભાઈને વાપરવા માટે આપી જ દીધી.

શામજીભાઈના અને નરસીભાઈના પરિવારે ભારતમાં એના મમ્મી-પપ્પાને ફોન કરીને કહ્યું કે,'તમારા દીકરાએ તમે આપેલા સંસ્કારો આ દેશમાં આવીને પણ સાચવ્યા છે, ધન્ય છે તમને અને તમારા દીકરાને...' અને માતા-પિતાની આંખો હર્ષના આંસુથી ભીની થઈ ગઈ.



એક ઉચ્ચ મધ્યમ વર્ગનો દીકરો લંડન જેવા શહેરમાં અભ્યાસ કરવા જાય એ હવે સાહજિક વાત બનતી ગઈ છે પરંતુ ત્યાં રહીને પણ એ પૈસા રળતા રળતા સંવેદનશીલ પણ રહે એ મોટી વાત છે.

આજકાલના યુવાનો અને એમાં પણ વિદેશના યુવાનો ધર્મ-અધ્યાત્મ અને ભારતીય સંસ્કૃતિના વેલ્યુઝને સાચવવામાં અને એ માટેના પ્રયત્નોમાં રસ લેતા જોવા મળે છે.

યુવાનો માત્ર ગોખણપટ્ટી પુરતા નહીં, શ્લોક ચોપાઈ કે દોહાને બરાબર સમજે છે અને એમાંથી થોડું આચરણમાં મુકવા જીવવા માટેનો પ્રયાસ પણ કરે છે.

બ્રિટનમાં ગુજરાતીઓએ ભજન અને સંતવાણીને બરાબર સાચવ્યા છે. ભારતમાં ઓછા સાંભળવા મળતા ભજનોને એના મૂળ ઢાળમાં ગાનારા ભજનિકો અહીં છે અને એવા પરિવારોમાં ભજનની સાથે સાથે ભોજનનો પણ મહિના રહ્યો છે. આપણી પરોણાગતને ઉજળી કરી બતાવે એવા ઉદાહરણો અહીં ઘણાયે છે. સંતોના ચરિત્રો કહેનારા - ગાનારા અને સંતવાણીના તારથી ભર્યા ભર્યા રહેનારા ઘણાયે લોકો ભજન પરંપરાને જીવતી રાખી રહ્યા છે.


પ્રેમ-મૈત્રી જેવા, સંબંધો, લેણદેણથી બંધાતા હોય છે અને આવા સંબંધો અપેક્ષા વિના બંધાય ત્યારે એ વધુ ટકતા અને ખીલતા હોય છે.

પરસ્પરને ઉપયોગી થવું - માણસ માણસને સમજે - એકબીજાના માટે પરમાર્થ કરવો એમાં જીવનનો આનંદ સમાયેલો છે.

આવા આનંદ જીવનમાં સફળતાની સાથે સાથે સાર્થકતાનો અનુભવ કરાવે છે અને જયાં જયાં આવું દેખાય- અનુભવાય ત્યાં ત્યાં અજવાળા રેલાય છે.

- તેજપુંજ
ભૂખ રિશ્તોં કો ભી લગતી હૈ,
પ્યાર કભી પરોસકર તો દેખીયે.

# મિડલ કલાસીયા મેંગો પીપલનું એકરાર નામુ



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

રવિવારની સવારે વિવિધ ભારતી પર પ્રધાનમંત્રીની 'મનની વાત' સાંભળી... અને વિચાર આવ્યો કે આજે 'મનના રેડિયો' પર પોતાના જ 'મનની વાત' કરવી છે... મારા તમારા આપણા મનની વાત એટલે મિડલકલાસીયા 'મેંગો પીપલ' 'આમ આદમી' ની વાત કરવી છે.

ઉંમરના એક મીડલ ઓર્ડર પર પહોંચ્યા પછી... વન ડેમાં ૩૦ થી ૪૦મી ઑડરની જેમ 'સ્લૉગ ઓવર' વાળો ટાઈમ જયારે મીડલ કલાસ લોકોનો જીવનમાં ચાલતો હોય છે, તે સમય ખૂબ કપરો હોય છે...

રોજ સવારે પોતાના અસ્તિત્વને જાળવવાના પ્રયાસરુપે નોકરી પર જવાનું જેટલું સોંપવામાં આવે તે કરવાનું, પૂરેપૂરી નિષ્ઠાથી કરવાનું. ખૂબ જ કાળજી રાખીને છતાં પણ કંઈ આડુ અવળું થઈ જાય તો... દોષનો ટોપલો જ ઢોળી દેવાનો આપણા પર. સ્વામી વિવેકાનંદ ભલે કહી ગયા હોય - 'જયારે તમને લાગે કે કોઈ ભૂલો તમને નથી કરી રહ્યા તારે સમજવું કે... તમે ખોટા રસ્તે છો!' સ્વામીજીએ ભલે કહ્યું પણ વાસ્તવિક જગતમાં એક 'મિડલકલાસીયા માણસ' માટે કોઈ પણ નાની ભૂલ કરી દેવી ગંભીર ગુના બરાબર છે...

એમ તો રજનીશજી પણ કહી ગયા છે કે - 'સંસારમાં તમે જો કોઈ ભૂલ જ કરવા નથી માગતા, તો તો તમારે મરી જ જવું પડે, કારણ મડદાઓ ભૂલ નથી કરતા, જીવંત માણસ તો ભૂલ કરવાનો જ.'

પણ આવા મહાનુભાવોના કથન આપણી ઓફિસના ઉપરી અધિકારીને થોડા સમજમાં આવે છે!

કમ્પ્યૂટરમાં વાયરસ આવે તો 'એન્ટી વાયરસ' નખાવીએ, પરંતુ કોઈ ભૂલ જ ન થાય, રોબોટની જેમ પ્રોગ્રામીંગ કરેલા મશીન તો આપણે નથી જ ને! પણ...

પરિવારની ફરજ, વ્યાવહારિક જવાબદારીઓ, ઑફિસ કે જયા કામ કરતા હોઈએ ત્યાની અઢળક જવાબદારીઓ પૂરેપૂરી બજાવીએ છીએ... અને તેમાં કોઈ ઉપકાર નથી કરતા... પરંતુ કામની કોઈ કદર નથી.

સોમથી શનિ પછી જેણે રવિવાર રાખ્યો છે તેમને તો લાખ લાખ સલામ... રોજિંદાપણામાં એક અલગ વાતાવરણ રવિવારને કારણે રચાય છે... રૂટિનમાં બ્રેક લાગે છે. રવિવારે સવારે આંખ ભલે ટેવ પ્રમાણે વહેલી ખૂલી જાય પણ પથારીમાં આળોટવાનો વૈભવ લૂંટાઈ જતો નથી.

જોયું ને! આવું જ છે આપણું મિડલ કલાસીયુ માઈન્ડ... એક નાની શી ખુશી આવે એક રવિવાર મળે તેમાં ગુલતાન થઈને વળી પણ સાપ્તાહિક યુદ્ધ લડવા તૈયાર.

વર્ષાન્તે મળતા ઈન્ક્રીમેન્ટ અથવા ડી.એ.ની ગણતરી કરીને ખુશ થતા રહેવાનું. એવા પ્રકારનો મિથ્યા આનંદ મેળવીને એવરેસ્ટ સર કર્યાની લાગણી પામવાની...

આપણે એવી મિડલક્લાસ મેન્ટાલીટીનો શિકાર થઈ જઈએ છીએ કે આપણા સપનાઓ પણ મધ્યમવર્ગીય જ રહે છે...

છઠ્ઠા પગારપંચ પછી સાતમું પગાર પંચ હવે બીજા ૯-૧૦ વર્ષ પછી આવશે આઠમું પગારપંચ કાચબાની પીઠ પર અંજીર લટકાવીને ફરતા વાંદરાની જેમ આપણા મીડલકાસની પીઠ પર ચડીને ફરતા Elite persone - કે જેઓ કયારેક નથી ઈચ્છતા કે આપણે કયારેય Out of the box વિચારીએ...

દરેક દેશમાં, દરેક જગ્યાએ આવા ખાસ પ્રકારના ગણ્યા ગાઠ્યા લોકો હોય છે, જેઓ કઠપૂતળીની જેમ આપણને દોડાવે છે, નચાવે છે, ગુલાટ મરાવે છે, એન આપણે કાચબાની માફક માત્ર ચાલ ચાલ કરીએ છીએ. મધ્યમવર્ગીય વ્યક્તિ તરીકે આપણી જવાબદારીઓ આપણને નવું સાહસ કરવા દેતી નથી... અને રુટિન કામ ન ગમતું હોવા છતાં માત્ર 'પેટીયું રળવા' જેવી ઈચ્છા માત્રથી કરે રાખીએ છીએ...

વચ્ચેની જમાતવાળા હોવાથી નાના અને ગ્રાઉન્ડ-લેવલના કામ કરવામાં નાનપણ અનુભવઈએ છીએ... અને સાથે સાથે એ પણ જાણીએ છીએ કે આપણી કરતા 'ચા' ની લારી વાળો વધારે વટ કે સાથ જીવી જાણે છે...

આપણા ઓલ્ટરનેટ પણ પાછા ખૂબ છે, આપણા જેવા ઢગલાબંધ ઘેટા ચાલમાં જોડાવા તૈયાર જ બેઠા છે, 'નજર હટી, દુર્ઘટના ઘટી.'

અને ચાલો જો સરકારી નોકરીમાં તો બીજી અસલામતી નથી... પરંતુ પ્રાઈવેટ જોબ કરતા દરેક કાચબાએ (મીડલકલાસ વ્યક્તિએ) રોજ યુદ્ધ કરીને સ્થાન જાળવવું પડે છે...

ANYWAYS રોદણાં રોઈને ડિપ્રેશનની વાત કરવાનો કોઈ ઈરાદો નથી પરંતુ રોજમર્રાની લાઈફમાં ભાગતા ભાગતા કયારેય આપણે આપણાં શોખ કે આપણી પોતાની કોઈ હૃદયમાં ધરબાયેલી ઈચ્છાને પૂરી કરવાના ઉધામાં પણ કરવા જરુરી છે... કાકાના દીકરા ભાઈના લગ્નમાં કે કાકાના દીકરા ભાઈની દીકરીના લગ્નમાં જવા માટે પણ 'હાફ ડે'જ ઑફિસમાંથી મળે છે... સંબંધ સચવાતા નથી... સગાઓ વારે તહેવારે ન મળવાના ધોખા કરે છે... પણ સાચી હકીકત એ છે કે પહેલાના સમય જેટલી નવરાશ કે નોકરીની સાનુકૂળતા હવે લગીરે રહી નથી. આ બધા તણાવભર્યા સંજોગોમાં આપણે વાલ્વ સલામત રહે તે માટે 'નિજાનંદ' માં રહેવું અતિ આવશ્યક છે... 'કારકૂનનું મરણ' કાવ્ય શ્રી વિપિન પરીખ લિખિત છે... લેખના અંતે મૂકીને ડીપ્રેશન વાળો ભાવ હૃદયમાં સમાવિષ્ટ કરવાની મનષા નથી... પરંતુ મીડલકલાસની ચોક્કસ અવસ્થા બતાવવાની ચેષ્ઠા હોવાથી મૂક્યા વગર રહી શકતો નથી...

*હું જાઉં તો જગતમાં થોડોક ફરક પડશે*
*એવું અભિમાન હવે રહ્યું નથી*
*એક દિવસ*
*દુનિયાની કાયાપલટ કરવાની*
*હોંશ લઈ વાળેલી અક્કડ મુઠ્ઠી*
*દુનિયાદારીથી ભીંજાઈ હવે પોચી થઈ છે.*
*જે બસમાં હું રોજ મુસાફરી કરું છું એ*
*૧૦૧ નંબરમાં*
*મારી બેઠક ખાલી નહીં રહે*
*ઓફિસમાં*
*ગોદરેજની ખાલી પડેલી ખુરશી માટે*
*ટાંપીને બેઠેલો કલાર્ક*
*સાહેબની આજુબાજુ પૂંછડી પટપટાવશે*
*કહેશે : 'મિસ્ટર શાહ ઘણા પરગજુ હતા'*
*પણ ભલા, એક કલાર્ક ખાતર*
*ઓફિસ બંધ થોડી જ રાખી શકાય?*
*બપોરે ટી ટાઈમમાં*
*ભટ્ટ ટેબલ ઉપર નજર ફેરવશે*
*હું નહીં હોઉં*
*રજિસ્ટરમાંથી મારું નામ કાઢી નાખશે...*

- jayuoza@gmail.com,
Mo. 9898046488